ક્રો.ફાઈલ

સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.)
મહુવા, ભાવનગરના મટે મકાન ભાડે
રાખવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૬/૫૮૧૨૧૦/અ૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.03/૨/૨૦૧૮

વંચાણમાં લીધુ:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૯/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:પવછ/ ૧૦૨૦૦૯/મં.૨૩/અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૪/૧૦/૨૦૧૭નો પત્ર ક્રમાંક:વિજાક/સ.છા./ ૨૦૧૭-૧૮/૨૦૪૩૯

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૪/૧૧/૨૦૧૭નો પત્ર ક્રમાંક: વિજાક/સકછા/ ૨૦૧૭-૧૮/૨૦૩૬

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૯/૧૧/૨૦૧૭નો પત્ર ક્રમાંક: વિજાક/સકછા /મ.ભા./૨૦૧૭-૧૮/૨૦૭૩

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.30/૧૧/૨૦૧૭નો પત્ર ક્રમાંક: વિજાક/સકછા /મ.ભા./૨૦૧૭૧૮૨૦૭૪

ઠ રા વ:-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.) મહુવા હાલમાં ભાડાના મકાનમાં કાર્યરત છે. જેની માન્ય સંખ્યા ૫૦ છે. હાલનું મકાન મકાનમાલિક દ્વારા ખાલી કરતા જણાવતા આ છાત્રાલય માટે અન્ય મકાન ભાડે રાખવા વંચાણ હેઠળના ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી(વિ.જા.)ના તા.૦૪/૧૦/૨૦૧૭ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા બાદ સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), મહુવા માટે શ્રી જાડેજા નરેન્દ્રસિંહ જશુભા

જાડેજાનું બંદર રોડ, મહુવા ખાતેનું મકાન માસિક રૂ.૩૫,૦૦૦/- થી ભાડે રાખવાની આથી નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

<u>શ ર તો:</u>

(૧) આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.

(૨) આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૩) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૪) મકાન માલિકે વીજળી પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૫) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૭) આ મકાન ભાડે રાખ્યા બાદ એક(૧) વર્ષમાં આ છાત્રાલય માટે સરકારી મકાન બનાવવા માટે જમીન મેળવવાની માંગની કલેક્ટરશ્રી સમક્ષ કરી જમીન સંપાદન કરવાની જવાબદારી નિયામકશ્રી(વિજા)ની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૩/૦૨/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અનુસાર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:-

- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર
- નાયબ નિયામકશ્રી(વિ.જા.)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, ભાવનગર (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ